# <u>પ્રેસનોટ</u>

## એગ્રોનોમી વિભાગ,બં. અ. કૃષિ મહાવિદ્યાલય,આ. કૃ. યુ., દ્વારા પાંચ દિવસીય 'પ્રાકૃતિક કૃષિ' અંગેનો તાલીમ કાર્યક્રમ યોજાયો

ગુજરાત અને દેશ લેવલે વધુમાં વધુ ખેડૂતો પ્રાકૃતિક કૃષિ અપનાવવા માટે પ્રેરિત થાય તેવા ઉમદા આશય માટે માન. રાજ્યપાલશ્રી દ્વારા દ્વારા સઘન પ્રયત્નો કરવામાં આવેલ છે. જે અન્વયે માન. કુલપતિશ્રી ડૉ. કે. બી. કથીરિયાનાં માર્ગદર્શન હેઠળ એગ્રોનોમી વિભાગ, બં. અ. કૃષિ મહાવિદ્યાલય, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ દ્વારા તા. ૦૩ થી ૦૭ ઓક્ટોબર, ૨૦૨૩ દરમ્યાન પાંચ દિવસીય પ્રાકૃતિક કૃષિ તાલીમ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. સદર તાલીમમાં ખેડા, અરવલ્લી, ગાંધીનગર અને છોટાઉદેપુર જિલ્લાનાં કુલ ૪૪ પ્રગતિશીલ ખેડૂતોએ ઉત્સાહ ભેર ભાગ લીધો હતો. તાલીમ કાર્યક્રમના ઉદ્ઘાટન સમારોહમાં એગ્રોનોમી વિભાગનાં પ્રાધ્યાપક અને વડા, ડૉ. વી. જે. પટેલે તાલીમનો મુખ્ય ઉદેશ્ય તથા પ્રાકૃતિક કૃષિની વ્યાખ્યા અને તેના સિદ્ધાંતો તેમજ પોષણની દ્રષ્ટીએ હલકા ધાન્ય પાકો અને તેનું મહત્વ વિષયે વિગતવાર માહિતી આપી હતી

સદર તાલીમ કાર્યક્રમમાં વિવિધ પ્રાકૃતિક ખેતીના આયામ જેવા કે પોષણ વ્યવસ્થામાં જીવામૃત, ઘનજીવામૃત, બીજામૃત, પાક સંરક્ષણમાં નીમાસ્ત્ર, બ્રહ્માસ્ત્ર, અગ્નિઅસ્ત્ર, દસપર્ણિ અર્ક વગેરેનું બૌદ્ધિક તથા પ્રાયોગિક જ્ઞાન પૂરું પાડવામાં આવ્યું હતું. વધુમાં આચ્છાદન, મિશ્રપાકોની પસંદગી તથા દેશી ગાયનું મહત્વ વગેરે વિષયના નિષ્ણાતો દ્વારા પ્રાકૃતિક ખેતીમાં આવતી મુશ્કેલીઓ અને તેના સમાધાન વિષે વિસ્તૃતમાં ચર્ચા કરવામાં આવેલ. જેથી ખેડૂતોમાં પ્રાકૃતિક ખેતી તરફનો અભિગમ વધે અને રસાયણમુક્ત અનાજ–શાકભાજી-ફળ વગેરે ઉત્પાદન કરી વધુ સારૂ વળતર મેળવી શકે.

તાલીમાર્થીઓને પ્રાકૃતિક કૃષિ વિષે વધુ પ્રેરણાબળ મળી રહે તેવા આશયથી પ્રગતિશીલ ખેડૂત ઉમેશગીરી ગોસ્વામી, ગીરી ફાર્મ, નરસંડા તથા ખેત પેદાશમાં મુલ્યવર્ધન અને એફપીઓની માહીતી મળે તેથી દેવેશ પટેલ, સત્વ ઓર્ગેનિક, બોરીયાવી તેમજ એગ્રોનોમી વિભાગ દ્વારા ફાર્મ ઉપર લેવામાં આવેલ પ્રાકૃતિક કૃષિનાં સંશોધન અખતરાઓની પણ રૂબરૂ મુલાકાત કરાવવામાં આવી હતી. મુલાકાત બાદ તાલીમાર્થીઓએ પ્રાકૃતિક કૃષિ કરવા માટે પ્રરિત થયા છે તેવો આત્મવિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

તાલીમ કાર્યક્રમના અંતમાં આચાર્ય અને વિદ્યાશાખાધ્યક્ષ, ડૉ. વાય. એમ. શુક્લા અને એગ્રોનોમી વિભાગના પ્રાધ્યાપક અને વડા, ડૉ. વી. જે. પટેલના હસ્તે પ્રમાણપત્ર તથા કીટનું વિતરણ કરવામાં આવેલ હતું.

સમગ્ર કાર્યક્રમને સફળ અને પરિણામલક્ષી બનાવવા માટે તાલીમ સંયોજક ડૉ. પી. એમ. પટેલ, ડૉ. જી. એન. મોટકા, ડૉ. એ. પી. પટેલ તથા ડૉ. વી. વાય. પટેલ દ્વારા નિષ્ઠાપૂર્વક પ્રયત્ન કરવામાં આવેલ.

# પ્રાકૃતિક કૃષિ તાલીમ કાર્યક્રમની ઝાંખી
















